P.07
મર્ડ બોયફ્રેન્ડ અગસ્ત્ય સાથે સુહાના પિતા શાહરૂખ ખાન પાસે પહોંચી

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.07
રાનીએ દેશી કલરનો પોશાક પહેર્યા, માટીના ચૂલા પર રાંધ્યું ભોજન

www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૪૦ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર વદ ૧૪ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 140 • Dt. 29-12-2024 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125






ચીનના સાયબર હુમલાથી હચમચી ગયેલું અમેરિકા લમી ટેલિકોમ કંપની જાસૂસીનો શિકાર બન્યું 07



**29**
DECEMBER- 2024
SUNDAYwwwww



07 દિલ્હી : ડિસેમ્બરમાં તુટ્યો ૧૦૧ વર્ષનો રેકોર્ડ । પહેલીવાર ભારે વરસાદ પડ્યો



















લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૫ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## રાજકોટમાં આજીડેમ ચોકડી નજીક કન્ટેનરની અડફેટે વિદ્યાર્થિનીનું મોત

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૮ ।

રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવતા હોય છે. ત્યારે રાજકોટના આજીડેમ ચોકડી નજીક અકસ્માત સર્જાયો છે. માર્કેટ યાર્ડ સર્વિસ રોડ ઉપર કન્ટેનરે વિદ્યાર્થીનીને અડફેટે લીધી હતી. માર્કેટ યાર્ડ નજીક આવેલી સ્કૂલથી વિદ્યાર્થિની ઘરે પર આવતી હતી, તે સમયે આ દુર્ઘટના બની હતી. અકસ્માત થતા જ સ્થાનિકો દ્વારા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. વિદ્યાર્થિનીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે.બીજી તરફ રાજકોટના કાલાવડ રોડ પર સ્કૂલ બસે અકસ્માત સર્જ્યો છે. કણકોટ પાટીયા નજીક ઈનોવેટીવ સ્કૂલની બસને અકસ્માત નડ્યો છે. ડ્રાઈવરે સ્ટેરીંગ પરથી કાબૂ ગુમાવતા બસ થાંભલા સાથે અથડાઈ જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ બાળકો અને એક મહિલાને સામાન્ય ઈજા પહોંચી હતી. જેમાં અકસ્માતને કારણે થોડા સમય માટે ટ્રાફિક જામ સર્જાયો હતો.

## સુરતમાં સામૂહિક હત્યાનો પ્રયાસ : પત્ની અને બાળકનું મોત થયું

। પ્રતિનિધિ, સુરત, તા.૨૮ ।

સુરતમાં સામૂહિક હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની હચમચાવતી ઘટના સામે આવી છે. પારિવારીક મન દુઃખમાં ખૂની ખેલ ખેયાલો છે. સગા દીકરાએ માતા-પિતા, પત્ની અને બાળક પર હુમલો કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે આ બનાવમાં પત્ની અને બાળકનું મોત થયું છે. આ ધ્રુજાવનારી ઘટના સુરતના સરથાણા વિસ્તારની છે. અહીં આવેલા સરથાણા સૂર્યા ટાવરમાં સામૂહિક હત્યાના પ્રયાસની ઘટના સામે આવી છે. સગા દીકરાએ માતા-પિતા, પત્ની અને બાળકને ચપ્પુના ઘા માર્યા હતા. સ્મિત જીયાણી દ્વારા ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે. ઘટનાને અંજામ આપ્યા બાદ સ્મિતે પોતે પણ ગળાના ભાગે ચપ્પુ માર્યું હતું. ઘટનામાં પત્ની અને બાળકનું મોત થયું છે. જ્યારે માતા-પિતા અને સ્મિત હાલ સારવાર હેઠળ છે. સરથાણા પોલીસ ઘટના સ્થળે પહોંચી છે.

### ઉબેણ નદી આસપાસની ફળદ્રુપ જમીન પણ હવે બિનઉપજાઉ થઈ

# જૂનાગઢની ઉબેણ નદીમાં સફેદ ફીણની ચાદર દૂષિત પાણીથી ૧૦૦થી વધુ ગામોને અસર થઇ

### લાખો લિટર કેમિકલયુક્ત પાણી છોડવામાં આવતા નદી આસપાસની ખેતીમાં ઉત્પાદન ઓછું થઈ ગયાનો ખેડૂતો આક્ષેપ

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૨૮ ।



જુનાગઢ જિલ્લાની ઉબેણ નદી જુનાગઢ જિલ્લાથી શરૂ કરીને ઘેડ પંથક સુધી ફેલાયેલી છે. નદી તેની આસપાસ અંદાજે ૧૦૦ થી વધુ ગામડાઓને સ્પર્શે છે. પરંતુ હાલમાં આ નદીની હાલત એવી છે કે નદીનું પાણી નથી પીવા લાયક કે નથી ખેતીમાં ઉપયોગમાં લઈ શકાય તેવું. ઉબેણ નદી આસપાસની ફળદ્રુપ જમીન પણ હવે બિનઉપજાઉ થઈ રહી છે.જેતપુર ડાઈગ કારખાના દ્વારા કેમિકલ યુક્ત પાણી ઉબેણ નદીમાં છોડવામાં આવે છે. લાખો લિટર કેમિકલયુક્ત પાણી છોડવામાં આવતા નદી આસપાસની ખેતીમાં ઉત્પાદન ઓછું થઈ ગયાનો ખેડૂતો આક્ષેપ કરી રહ્યા છે. પ્રદૂષિત પાણીને લીધે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે.આ મુદ્દે છેલ્લા ૧૨ વર્ષથી રજૂઆત કરવામાં આવી રહી છે, પરંતુ આજ સુધી આ મામલાનો કોઈ નિકાલ કરવામાં આવ્યો નથી. ઉબેણ નદીમાં કેમિકલ યુક્ત પાણી છોડવામાં આવતા ખેતીની જમીન અને લોકોના સ્વાસ્થ્ય ઉપર અસર થાય છે.આ મામલે જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડિયા મેદાનમાં આવ્યા છે અને પ્રદૂષણ બોર્ડના અધિકારીઓ સામે આક્ષેપ કર્યો છે કે પ્રદૂષણને અટકાવવા અધિકારીઓ નિષ્ફળ રહ્યા છે. અધિકારીઓ માત્ર કાગળો ઉપર વાતો કરીને પ્રજાને ઉલ્લુ બનાવે છે. ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં પણ આ સવાલને મૂકવામાં આવ્યો છે.આમ, નદીમાં કેમિકલયુક્ત પાણી છોડવામાં આવતા નદી સુકાતી જાય છે અને તેનું પાણી ઉપયોગમાં લેવા જેવું રહ્યું નથી. તો સરકાર તાત્કાલિક ઉકેલ લાવે તેવી માંગણી ઉઠી છે. ગઈકાલે ઝાલરસર ગામ ખાતે પંચાયતની ગ્રામસભામાં પણ આ અંગે ઉગ્ર વિરોધ થયો હતો.ગ્રામસભાનો વિરોધ કરીને ઝાલણસર ગામમાં થતા કોઈપણ સરકારી કાર્યક્રમનો બહિષ્કાર પણ કરવામાં આવ્યો છે. દૂષિત પાણી માટે ફિલ્ટર પ્લાન્ટ પણ બનાવવામાં આવ્યો છે, પણ રાજકીય વગ ધરાવતા લોકો ગેરકાયદેસર સાડી ધોવાના ઘાટ બનાવી અને ઉબેણ નદીમાં પાણી છોડી રહ્યા છે, એવા આક્ષેપ કરવામાં આવ્યા.નદીને દૂષિત થતા રોકવા શું કામગીરી? ઉબેણ નદી કોના વાંકે દૂષિત થઈ? જીપીસીબીના અધિકારીઓ કોને છાવરે છે?

શું પ્રદૂષણ બોર્ડના અધિકારીઓ ધારાસભ્યનો પડકાર સ્વીકારશે? ઉબેણ નદીનું પાણી પીશે જીપીસીબીના અધિકારીઓ અને તંત્ર? જો પાણી તમારા માટે પીવાલાયક ન હોય તો જનતા કેમ પીવે?

છેલ્લા ૧૨-૧૨ વર્ષથી નદી દૂષિત છે, અધિકારીઓને કેમ દેખાતું નથી? આવું દૂષિત પાણી કેવી રીતે પીવું? જેતપુર ડાઈંગ ઉદ્યોગના લીધે સમસ્યા હોય તો સમાધાન શું? જુનાગઢ જિલ્લાની ઉબેણ નદી જુનાગઢ જિલ્લાથી શરૂ કરીને ઘેડ પંથક સુધી ફેલાયેલી છે. નદી તેની આસપાસ અંદાજે ૧૦૦ થી વધુ ગામડાઓને સ્પર્શે છે. પરંતુ હાલમાં આ નદીની હાલત એવી છે કે નદીનું પાણી નથી પીવા લાયક કે નથી ખેતીમાં ઉપયોગમાં લઈ શકાય તેવું. ઉબેણ નદી આસપાસની ફળદ્રુપ જમીન પણ હવે બિનઉપજાઉ થઈ રહી છે.

## વડોદરાના મેળામાં ચાલુ રાઇડમાંથી નીચે પટકાયા બાળકો । મેળો બંધ કરાવાયો

। પ્રતિનિધિ, વડોદરા,તા.૨૮ ।

ગુજરાતમાં ફરી એક વાર મેળામાં મોટી દુર્ઘટના થતા બચી ગઈ છે. ગુજરાતમાં વારંવાર વિવિધ મેળામાં રાઈડ્સમાં દુર્ઘટનાઓ થતી હોવાનું સામે આવે છે, ત્યારે ફરી એક વખત વડોદરાના મેળામાં આવી ઘટના બની છે.માંજલપુરમાં યોજાયેલા આનંદમેળામાં ચાલુ રાઈડમાં કેટલાક બાળકો નીચે પટકાઈ હોવાની ઘટના બની છે. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે.આ મામલામાં બે લોકોની અટકાયત પણ કરવામાં આવી છે.વડોદરાના માંજલપુરના આનંદ મેળામાં મોટી દર્ઘટના ટળી હતી. મેળો બરાબરનો જામ્યો હતો અને નાની હેલિકોપ્ટર રાઈડમાં બાળકો આનંદ માણતા હતા. એવા સમયમાં અચાનક રાઈડમાં બેઠેલા કેટલાક બાળકોની કેબિનનો લોક ખુલી જાય છે. ચાલુ હેલિકોપ્ટર રાઈડનો દરવાજો ખુલી જતા ૨થી ૩ બાળકો નીચે પટકાયા હતા. જેમાં એક બાળકી ઈજાગ્રસ્ત થઈ હતી. આ ઘટનાની જાણ થતાં એડિશનલ પોલીસ કમિશનર લીના પટેલ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને સ્થળ પર પહોંચીને આ મામલે તપાસ શરૂ કરી હતી. આ ઉપરાંત ફાયર બ્રિગેડની ટીમ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી. આ રાઈડમાં ૧૨ જેટલા બાળકો સવાર હતા.

### અમદાવાદ શહેર પોલીસ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો

## ૩૧મી ડિસેમ્બરના રોજ દારૂ બંધીનું કડકમાં કડક અમલ કરવાના ઉદ્દેશ્ય સાથે પોલીસ સજ્જ

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૮ ।

૩૧ ડિસેમ્બરને ધ્યાનમાં લઈને અમદાવાદ શહેર પોલીસ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે જે અનુસાર અમદાવાદ સાબરમતી નદીના પૂર્વ રિવરફ્રન્ટ ખાતે ૧૫૦ થી વધુ પોલીસ કર્મચારીઓએ બ્રેથ એનેલાઈઝર થી તપાસ હાથ ધરી હતી. આ પોલીસ તપાસમાં હેલ્મેટ વગર અને ગાડીના કાચમાં બ્લેક ફિલ્મ લગાવેલી ગાડીઓ ને રોકીને તપાસ કરવામાં આવી હતી. જ્યારે કાચ પર બ્લેક ફિલ્મ લગાવેલી હોય તેવી ગાડીઓમાંથી બ્લેક ફિલ્મ પણ દૂર કરી હતી.પોલીસ દ્વારા કોઈપણ રાજકીય પક્ષની દેખાદેખી કર્યા વગર કામગીરી હાથ ધરી હતી. જેમાં નંબર પ્લેટ લાયસન્સ અને હેલ્મેટ વગરના વાહનો પણ ડિટેલ કરવામાં આવ્યા હતા. જ્યારે અમદાવાદ શહેરમાં ૩૧ ડિસેમ્બરને ધ્યાનમાં લઈને શહેર પોલીસ દ્વારા એક જાન્યુઆરી સવાર સુધી આ તપાસ હાથ ધરવામાં આવશે. બીજી તરફ અંબાજી પોલીસે પેટ્રોલિંગ કર્યું હતું. જેમાં ૩૧જંને લઈને આબુથી આવતા સેહલાણીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે આબુથી આવતા સેહલાણીઓને બોર્ડર બાદ અંબાજીમાં પણ બ્રીથ એનલાઈઝરથી ચેકીંગ કર્યું હતું. જોકે દારૂ પીને વાહન ચલાવનાર સામે ગુનો નોંધી કાર્યવાહી કરાઈ હતી. જેમાં દારૂ પીને વાહન ચલાવનાર ૨ લોકો પકડાયા હોવાનું પીઆઈ આર બી ગોહિલે જણાવ્યું હતું. ૩૧ ડિસેમ્બરને ધ્યાનમાં લઈને અમદાવાદ શહેર પોલીસ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે જે અનુસાર અમદાવાદ સાબરમતી નદીના પૂર્વ રિવરફ્રન્ટ ખાતે ૧૫૦ થી વધુ પોલીસ કર્મચારીઓએ બ્રેથ એનેલાઈઝર થી તપાસ હાથ ધરી હતી. આ પોલીસ તપાસમાં હેલ્મેટ વગર અને ગાડીના કાચમાં બ્લેક ફિલ્મ લગાવેલી ગાડીઓ ને રોકીને તપાસ કરવામાં આવી હતી. જ્યારે કાચ પર બ્લેક ફિલ્મ લગાવેલી હોય તેવી ગાડીઓમાંથી બ્લેક ફિલ્મ પણ દૂર કરી હતી.પોલીસ દ્વારા કોઈપણ રાજકીય પક્ષની દેખાદેખી કર્યા વગર કામગીરી હાથ ધરી હતી. જેમાં નંબર પ્લેટ લાયસન્સ અને હેલ્મેટ વગરના વાહનો પણ ડિટેલ કરવામાં આવ્યા હતા.

## બાથરૂમમાં ન્હાવા ગયેલી ૧૩ વર્ષીય યુવતીનું રહસ્યમય સંજોગોમાં મોત

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૨૮ ।

પાલનપુરના આબુ હાઈવે ઉપર આવેલી તિરૂપતિ રાજનગર સોસાયટીના મકાનમાં બાથરૂમમાં ન્હાવા ગયેલી ૧૩ વર્ષીય કિશોરીનું ગીઝરના ગેસથી ગૂંગળાઈ જવાથી મોત નિપજતા અરેરાટી વ્યાપી છે.નાહવા ગયેલી દીકરીનો ૧૫ મિનિટ સુધી બાથરૂમમાંથી કોઈ અવાજ ન આવતાં કે પુત્રી બહાર ન નીકળતા માતાએ દરવાજો ખખડાવ્યો હતો. જે ના ખોલતાં મકાન પાછળ જઈ કાચની ઝાળીમાંથી જોતા તેણી ફર્સ ઉપર પડેલી હતી. આથી પરિવારજનોએ બાથરૂમનો દરવાજો તોડી કિશોરીને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તબીબે તેણીને મૃત જાહેર કરી હતી.પાલનપુરની તિરૂપતિ રાજનગર સોસાયટીમાં રહેતા મૂળ વડગામના વેસાના દુષ્યંતભાઈ વ્યાસ બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલા છે.તેમની ૧૩ વર્ષીય દીકરી દુર્વા તેમના મકાનના બાથરૂમમાં ન્હાવા માટે ગઈ હતી. જે બાથરૂમમાં ગયા પછી ૧૫ મિનીટ સુધી કોઈ અવાજ આવ્યો ન હતો. કે તેણી બહાર પણ ન નીકળતાં તેણીની માતા મિતલબેને દરવાજો ખખડાવ્યો હતો.

## પતિએ પ્રેમિકા સાથે મળી પત્નીને મોતને ઘાટ ઉતારી

। પ્રતિનિધિ, મોરબી, તા.૨૮ ।

મોરબીમાં વધુ એક હત્યાની ઘટના સામે આવી છે, આ વખતે પ્રેમ પ્રકરણમાં એક હત્યા થઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. પરણેલા પ્રેમી પંખીડાએ પોતાની જ પત્નીની ગળુ દબાવીને હત્યા કરી નાંખી હતી, અને બાદમાં તેના મૃતદેહને સંતાડવા જતાં પકડાઈ ગયા હતા. હાલમાં બન્નેની પોલીસે ધરપકડ કરી લીધી છે.મોરબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર, ઘટનાની વિગતો એવી છે કે, રાહુલ રેવાલી નામની યુવતીના પ્રેમમાં પાગલ હતો, રાહુલ પહેલાથી પાયલ ઉર્ફે રાની નામની યુવતી સાથે પરણેલો હતો. રાહુલ નાયક અને રેવાલીના પ્રેમ પ્રકરણની જાણ પાયલને થઈ ગઈ હતી, અને રાહુલ નાયક રેવાલીને બીજી પત્ની તરીકે પોતાના ઘરમાં રાખવા માંગતો હતો, પરંતુ આ વાત પાયલ પાયલ ઉર્ફે રાનીને ગમતી ન હતી. પ્રેમ પ્રકરણનો અંત એવો આવ્યો કે બન્ને હાલમાં પોલીસની પકડમાં છે.



## કાર્યાલય કમલમ ખાતે આજે મહત્વની બેઠક મળી હતી

# ભાજપ સંગઠનમાં મોટા ફેરફાર વચ્ચે મોટી ખબર, વયમર્યાદાના વાંધા વચ્ચે રત્નાકરે ખાસ સૂચના આપી

### ભાજપના ૫૮૦ મંડળમાંથી ૫૧૨ મંડળોના પ્રમુખ નિમાઈ ચૂક્યા છે

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૮ ।

ગુજરાત ભાજપના સંગઠનની નવરચનાને લઈને પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે આજે મહત્વની બેઠક મળી હતી. જેમાં અનેક ચર્ચાતા મુદ્દે મડાગાંઠ ઉકેલાઈ હતી અને મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. ખાસ કરીને ભાજપના મંડળ પ્રમુખ માટે ૪૫ વર્ષની વયમર્યાદાનો ગૂંચવાયેલા મામલા અંગે ચર્ચા થઈ હતી. જેમાં વયમર્યાદાને લઈને થયેલા વિવાદ પર પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરે સૂચના આપી કે, ૪૫ વર્ષની ઉંમર એ પ્રાથમિક બાબત હતી, તેને સેન્ટ્રિક મુદ્દો ન બનાવવો. સક્રિય સભ્ય બાબતે વ્યવહારુ રહેવા માટે સૂચના આપી. સાથે જ પાર્ટીનો સભ્ય હોય અને કામ કરતા હોય તેને પ્રાથમિકતા આપવા માટે બેઠકમાં સૂચના અપાઈ. પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી સી આર પાટીલની અધ્યક્ષતામાં પ્રદેશ ભાજપની મહત્વની બેઠક મળી



હતી. આ બેઠકમાં ભાજપના શહેર અને જિલ્લા પ્રમુખોની નિયુક્તિ અંગે ચર્ચા કરાઈ હતી. પ્રદેશ પ્રમુખ ઉપરાંત સાંસદ, મંત્રીઓ, ધારાસભ્યો, વર્તમાન જિલ્લા પ્રમુખો અને મહામંત્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના ૫૮૦ મંડળમાંથી ૫૧૨ મંડળોના પ્રમુખ નિમાઈ ચૂક્યા છે. હવે મંડળ પ્રમુખ બાદ હવે શહેર અને જિલ્લા પ્રમુખો જાહેર કરવામાં આવશે. ભાજપનાં મંડળ પ્રમુખ માટે ૪૫ વર્ષની વયમર્યાદાને લઈને થયેલા વિવાદ પર પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરે ખાસ સૂચના આપી. તેમણે કહ્યું કે, ૪૫ વર્ષની ઉંમર એ પ્રાથમિક બાબત હતી તેને સેન્ટ્રીક મુદ્દો ન બનાવો. સાથે જ સક્રિય સભ્ય બાબતે પણ વ્યવહારુ રહેવા સૂચન કરાયું છે. તેમણે કહ્યું કે, પાર્ટીનો સભ્ય હોવો જરૂરી છે, કામ કરતો હોય તો તેને પ્રાથમિકતા આપવી. ત્યારે પ્રદેશ ભાજપના મુખ્ય ચૂંટણી અધિકારી ઉદય કાનગડે જણાવ્યું કે, આજની બેઠકમાં પ્રદેશ પ્રમુખ તરફથી માર્ગદર્શન મળ્યું. નવા પ્રમુખોની ઉંમર ૬૦ થી વધુ ન હોવી જોઈએ એ નક્કી કરાયું છે. હવે રાષ્ટ્રીય કાર્યાલયે આવતીકાલે બેઠક મળશે, એમાં જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. તો બીજી તરફ, ઉમરેઠ ધારાસભ્યના લેટર મામલે ભાજપનું મૌન જોવા મળ્યું. ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લાના ઉમરેઠ શહેર પ્રમુખની ખોટી નિમણુક અંગે રજૂઆત કરાઈ છે. ઉમરેઠ ભાજપના ધારાસભ્ય ગોવિંદ પરમારે ધારાસભ્ય પત્ર મારફત ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરને ઉમરેઠ શહેર પ્રમુખની હાર્દિક પટેલની નિમણુંક મામલે રજૂઆત કરી. તેમણે રજૂઆતમાં કહ્યું કે, હાર્દિકના પિતા એપીએમસી ભાજપના મેન્ડેડ ખરીદી વેચાણ સંઘમાં ડિરેક્ટર છે. ભાજપ એક પદ એક હોદ્દો અને પરિવાર હોદેદાર મુદ્દે ફોર્મ રદ કરવાની જાહેરાત કરી હતી.

## પતંગ રસીયાઓ ઉત્તરાયણને લઈ ખુશીનાં સમાચાર

# ઉત્તરાયણ દરમિયાન સવારના સમયે સારો પવન રહેશે, બપોરના સમયે પવન ઘટી શકે

। અમદાવાદ,તા.૨૮ ।

પતંગ રસીયાઓ ઉત્તરાયણને લઈ ખુશીનાં સમાચાર મળી રહ્યા છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ દ્વારા ઉત્તરાયણનાં દિવસે પવનને લઈ મોટી આગાહી કરી છે. ઉત્તરાયણનાં દિવસે પવન સારો રહેવાની શક્યતા છે. તેમજ આગામી તા. ૧૫ જાન્યુઆરીએ પણ પવનની ગતિ સારી રહેશે. દિવસ દરમ્યાન ક્યારેક પવન ઘટવાની શક્યતાઓ છે.વાસી ઉત્તરાયણના દિવસે પવન રહેશે. ઉત્તરાયણ દરમિયાન ઠંડા પવનો વહેશે. તેમજ ૧૩ જાન્યુઆરી પછી રાજ્યનાં વાતાવરણમાં પલ્ટો આવશે.તેમણે કરેલી આગાહી પ્રમાણે ઉતર ગુજરાતના જિલ્લાઓમાં છૂટાછવાયા વરસાદની સંભાવના છે, તો મહીસાગર, પંચમહાલ સહિતના મધ્ય ગુજરાતના ભાગોમાં પણ માવઠાની સંભાવના રહેશે. આગામી બે દિવસ આણંદ, નડિયાદ, વડોદરામાં વરસાદનું જોર વધશે. જયારે દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની સંભાવના રહેશે. બીજી તરફ સૌરાષ્ટ્ર-કચ્છમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. રાજ્યમાં ૨૮ ડિસેમ્બરે પણ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી પ્રમાણે, હજૂ રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ રહેશે. અરવલ્લી, ઈડર, વડાલી, મહેસાણાના કેટલાક ભાગો, આણંદ, નડિયાદ, ખેડામાં કમોસમી વરસાદ રહેશે. ૨૯ ડિસેમ્બરથી જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં કડકડતી ઠંડી પડશે, જયારે ૩ થી ૧૦ જાન્યુઆરી દરમિયાન ગુજરાતમાં કડકડતી ઠંડી અનુભવાશે. જયારે ઉત્તર ગુજરાતમાં ૧૦ થી ૮ ડિગ્રી તાપમાન નીચું જશે. સૌરાષ્ટ્ર દક્ષિણ ગુજરાતમાં, મધ્ય ગુજરાતમાં ઠંડી વધશે. તો ગાંધીનગરનું ન્યૂનતમ તાપમાન ૮ ડિગ્રી થશે. જાન્યુઆરીમાંના બીજા પખવાડિયામાં કમોસમી વરસાદ થઈ શકે છે. ઉત્તરાયણ પર્વ દરમિયાન વાદળો આવી શકે છે. ઉત્તરાયણમાં સવારના સમયે સારો પવન રહેશે તો બપોરના સમયે પવન ઘટી શકે છે. પતંગ રસીયાઓ ઉત્તરાયણને લઈ ખુશીનાં સમાચાર મળી રહ્યા છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ દ્વારા ઉત્તરાયણનાં દિવસે પવનને લઈ મોટી આગાહી કરી છે. ઉત્તરાયણનાં દિવસે પવન સારો રહેવાની શક્યતા છે. તેમજ આગામી તા. ૧૫ જાન્યુઆરીએ પણ પવનની ગતિ સારી રહેશે. દિવસ દરમ્યાન ક્યારેક પવન ઘટવાની શક્યતાઓ છે.

# વાપીમાં સાત વર્ષીય બાળકની કરપીણ હત્યા, ઝાડી ઝાંખરામાંથી મૃતદેહ મળ્યો

। માહિતી બ્યુરો, વાપી, તા.૨૮ ।

શહેરના છીરી વિસ્તારમાં એક ૭ વર્ષીય બાળકની હત્યા કરેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. શ્રમજીવી પરિવારનું બાળક ઘરથી ગુમ થઇ ગયું હતું ત્યારે જોકે આજે ઝાડી ઝાંખરામાંથી હત્યા કરાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. આ મામલે પોલીસે સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ અપહરણ અને બાળકની હત્યાનો ગુનો દાખલ કરી આરોપી સુધી પહોંચવા તપાસ હાથ ધરી છે. ત્યારે આવો જણીએ શું છે સમગ્ર મામલો.બનાવની વિગતો જોઈએ તો, વાપીના છીરી વિસ્તારમાં આવેલા રણછોડ નગરમાં વડાપાવની લારી ચલાવતા એક પરિવારમાં અત્યારે શોકનો માહોલ છે. આ પરિવારનો સાત વર્ષીય ઓમ જીતકુમાર તંતી નામનું બાળક ગઈકાલ રાતથી ગુમ હતું. પરિવારજનોએ ભારે શોધખોળ કરી હતી. પરંતુ આખી રાતની શોધખોળ કર્યા બાદ પણ બાળક નહીં મળતા આખરે સવારે આ અંગે પોલીસને જાણ કરી હતી. બનાવની જાણતા જ પોલીસે સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ બાળકની શોધખોળ હાથ ધરી હતી અને આખરે આ બાળકનો મૃતદેહ ઘરથી થોડી દૂર ઝાડી ઝાંખરામાંથી મળી આવ્યો હતો. આથી પોલીસે મૃતદેહનો કબજો લઈ આ અંગે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી હતી.







## તંત્રી લેખ...

# જોબ માર્કેટ પર દબાણ

કોરોના વાયરસના કારણે માત્ર ભારતમાં જ નહીં બલ્કે સમગ્ર દુનિયામાં દરેક ક્ષેત્રમાં ભીષણ મંદી આવી આવી ગઇ છે. ઉદ્યોગોની કમર તુટી ગઇ છે. લાંબા સમય સુધી લોકડાઉન રહ્યા બાદ આ પ્રકારની સ્થિતી સર્જાઇ ગઇ છે. એવા સમયમાં જોબ માર્કેટમાં દબાણ વધી રહ્યુ છે. રિપોર્ટ મુજબ લાખો કરોડો લોકોની નોકરી જતી રહી છે. આગામી દિવસો નોકરી કરનાર લોકો માટે વધારે ખતરનાક રહી શકે છે. જો કે નિષ્ણાંતો એ ક બાબત તો ચોક્કસ કહે છે કે એવી ધારણા ખોટી છે કે મોટી વયમાં સારી જોબ મળી શકે નહી. કોઇ પણ વયમાં સારી નોકરી મળી શકે છે તેમાં કોઇ બે મેત નથી. જો કે આના માટે તરીકા જુદા જુદા હોય છે. દરેક વયમાં જોબ શોધી કાઢવાની પ્રક્રિયા અને તરીકા બદલાતા જાય છે. આને લઇને પણ અભ્યાસની કામગીરી વિતેલા વર્ષોમાં નિષ્ણાંતો દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. જેમાં કેટલીક મહત્વપૂર્ણ બાબત સપાટી પર આવી છે. દરેક વયમાં જોબ શોધવાની પદ્ધિતી સુ રહેલી છે તેના પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક બાબતોને સારી રીતે સમજી શકાય છે. આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે. જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે. આના માટેના કેટલાક કારણો હોય છે. ભારતમાં મોટા ભાગે હાયરિંગ મેનેજર અનુભવ કરતા વધારે યુવાનોને મહત્વ આપવામાં આવે છે. તેમને લાગે છે કે દેશમાં યુવાનો ખુબ મોટી સંખ્યામાં છે. જેથી ઓછા પૈસામાં વર્કફોર્સ જરૂરી પ્રમાણમાં મળી જાય છે. યુવાનો એનર્જીથી સજ્જ અને ભરેલા હોય છે. આયુવાનો લાંબા સમય સુધી કામ કરી શકે છે. હાયરિંગ મેનેજર વિચારે છે કે સતત ટેકનોલોજી બદલાઇ રહી છે અને આવી સ્થિતીમાં યુવાનો નવી ટેકનોલોજીને વધારે ઝડપથી સારી રીતે શિખી શકે છે. બિઝનેસ માહોલમાં અનુભવની કોઇ વેલ્યુ હવે રહી નથી. જુદી જુદી વયમાં જોબ સર્ચ કરતી વેળા જુદી જુદી રણનિતી અપનાવવામાં આવે છે. ૩૦ વર્ષની વયમાં જોબ સર્ચ પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક વિગત ઉભરીને સપાટી પર આવી છે. કેટલીક સ્કીલ હાંસલ કરવામાં આવે છે. રેજ્યુમ પણ શાનદાર રાખવામાં આવે છે. કઇ રીતે પોતાના કેરિયરને દિશા આપી શકાય છે તે બાબત ઉપયોગી હોય છે. આ વયમાં પુરતા પ્રમાણમાં જોખમ લઇ શકાય છે. સાથે સાથે મનની વાત સાંભળી શકવાની સ્થિતી હોય છે. ખરાબ દિવસો માટે કેટલાક મહિનાના પગારને રીઝર્વ રાખવામાં આવે તે જરૂરી છે. દરેક પ્રકારના ઇન્ટરવ્યુ અને ઇન્ટરેક્શનથી કેટલીક નવી બાબત શિખવા મળે તે જરૂરી છે. દરેક સપ્તાહમાં છથી આઠ કલાકનો સમય સર્ચ અને એન્જોય તેમજ લર્ન માટે નક્કી કરવામાં આવે તો ઉપયોગી સાબિત થાય છે. એવા અવસરની શોધ કરવી જોઇએ જેના કારણે પ્રગતિની તક વધારે રહે છે. કામ પર પ્રભાવ છોડી શકાય તેવી કેરિયરની હમેંશા પસંદગી કરવાની વિચારણા કરવી જોઇએ. વર્તમાન કંપનીમાં સ્વેચ્છા સાથે લીડરશીપ રોલ કરવા માટે તૈયારી રાખવી જોઇએ.

# બોસને રાજી કરવાના તરીકા શુ છે

નોકરી કરનાર દરેક વ્યક્તિ આ બાબત તો નિખાલસ રીતે સ્વીકાર કરે છે કે બોસની સાથ સારી ટ્યુનિંગ જળવાઇ રહે તે જરૂરી હોય છે. આના માટે દરેક કર્મચારી અલગ અલગ તરીકા અજમાવે છે. જો કે કેટલાક તરીકા એવા હોય છે દરેક પ્રકારના બોસને પ્રભાવિત કરે છે. આ તરીકા અજમાવીને કર્મચારીઓ બોસને ખુશ રાખી શકે છે. આના કારણે કર્મચારીને તેની કેરિયર બનાવવામાં ખુબ મદદ મળે છે. બોસને કેટલાક તરીકા અજમાવીને ખુશ રાખી શકાય છે. આજે આ લેખમાં અમે આ વિષય પર વાત કરી રહ્યા છીએ. પોતાના મેનેજરને સમજી લેવાની જરૂર હોય છે. દરેક મેનેજર જુદા જુદા હોય છે. જેથી કામને હેન્ડલ કરવાના તેમના તરીકા પણ જુદા જુદા હોય છે. સૌથી પહેલા તો મેનેજરની કામની પેટર્નને સમજી લેવાની જરૂર હોય છે. આના કારણે તેમના દ્વારા આપને આપવામાં આવેલા ગોલ્સને પૂર્ણ કરવામાં મદદ મળી શકે છે. જ્યારે આવુ થશે ત્યારે ગોલ્સને હાંસલ કરવામાં તમે પણ મહેનત સાથે આગળ વધી શકો છો. કોમ્યુનિકેશન કોઇ પણ સંબંધને મજબુત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. બોસ સાથે પણ કોમ્યુનિકેશન જાળવી રાખવા માટેની બાબત જરૂરી હોય છે. ગોલ્સ અને ટાર્ગેટને લઇને તેમને હમેંશા માહિતીગાર કરવામાં આવે તે જરૂરી હોય છે. આના કારણે બોસને આપની પ્રોગ્રેસ અંગે માહિતી મળતી રહે છે. આવી સ્થિતીમાં જો તમે કોઇ મુશ્કેલીમાં ફસાઇ જાવો છો ત્યારે આપના બોસને મદદ કરવામાં મદદ મળે છે. નાની નાની બાબતોને લઇને બસને પરેશાન કરવાની કોઇ જરૂર નથી. બોસ આપની મદદ માટે હમેંશા તૈયાર રહે છે પરંતુ નાની નાની બાબતોને લઇને બોસને હેરાન કરવાની બાબત મુશ્કેલીમાં મુકનાર તરીકે હોય છે. પોતાના લેવલ પર જ તમામ સમસ્યા અને અડચણોને દુર કરવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. જો તમને લાગે કે આ બાબતો આગળ ચાલીને તમને હેરાન કરશે અને મોટા ઇશ્યુ તરીકે રહેશે તો આવી સ્થિતીમાં બોસ સાથે વાતચીત કરવામાં આવે તે જરૂરી છે. જો તમને કોઇ જવાબદારી સોંપવામાં આવી છે તો તેને પૂર્ણ કરવાના તમામ પ્રયાસો કરવામાં આવે તે જરૂરીછે. આનાથી ભાગવાના પ્રયાસ કરવા જોઇએ નહીં. કોઇ બહાના કરવાના પ્રયાસ પણ કરવા જોઇએ નહીં. તે બોસ પર ખરાબ અસર કરે છે. બોસની સામે ખરાબ છાપના કારણે તે આપને મુશ્કેલીમાં મુકી શકે છે. પોતાના કામને વહેલી તકે પૂર્ણ કરીને પોતાનુ ૧૦૦ ટકા યોગદાન આપવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. કેટલીક વખત એવુ બને છે કે કોઇ મુદા પર બસ આપની સલાહ મેળવે છે. આવી સ્થિતીમાં જો આપને કામ સાથે સંબંધિત માહિતી છે તો તે ઉપયોગી સાબિત થઇ શકે છે.



### વડનગર, ગુજરાતનું એક પ્રાચીન નગર તેની ઉત્પત્તિ, વૃદ્ધિ અને સમૃદ્ધિનો લાંબો ઇતિહાસ ધરાવે છે.

**આ શહેર તેની બહુલવાદી સંસ્કૃતિ, જળ વ્યવસ્થાપન પ્રથાઓ અને વારસાની સાથે કીર્તિ તોરણ, હાટકેશ્વર મહાદેવ મંદિર, શર્મિષ્ઠા તળાવ વગેરે જેવા નોંધપાત્ર સ્થાપત્ય અને ઐતિહાસિક સ્મારકો માટે જાણીતું છે.**

# "અનંત અનાદિ વડનગર" વડનગરનો સર્વગ્રાહી વિકાસ

**વડનગર નગરનો ઉલ્લેખ આપણા પ્રાચીન સાહિત્ય અને ગ્રંથો જેમ કે પુરાણો, જૈન આગમ વગેરેમાં કરવામાં આવ્યો છે.**

વડનગર, ગુજરાતનું એક પ્રાચીન નગર તેની ઉત્પત્તિ, વૃદ્ધિ અને સમૃદ્ધિનો લાંબો ઇતિહાસ ધરાવે છે. એવું માનવામાં આવે છે કે તે૨૫૦૦ વર્ષોમાં ફેલાયેલા સાત અલગ-અલગ રાજવંશોની સમૃદ્ધ સાંસ્કૃતિક સંમેલન ધરાવે છે જે વિવિધ પુરાતત્વીય ખોદકામ અને શોધો દ્વારા જોવા મળે છે. આ શહેર તેની બહુલવાદી સંસ્કૃતિ, જળ વ્યવસ્થાપન પ્રથાઓ અને વારસાની સાથે કીર્તિ તોરણ, હાટકેશ્વર મહાદેવ મંદિર, શર્મિષ્ઠા તળાવ વગેરે જેવા નોંધપાત્ર સ્થાપત્ય અને ઐતિહાસિક સ્મારકો માટે જાણીતું છે. વડનગર નગરનો ઉલ્લેખ આપણા પ્રાચીન સાહિત્ય અને ગ્રંથો જેમ કે પુરાણો, જૈન આગમ વગેરેમાં કરવામાં આવ્યો છે. સ્કંદ પુરાણમાં "ચમત્કારપુરા", "અનર્ત પુરા", "આનંદપુર", "નગર" વગેરે તમામ નગરના લક્ષણો હોવાનું માનવામાં આવે છે. વડનગર તેના ઇતિહાસના વિવિધ તબક્કાઓ દરમિયાન. જૈન પરંપરા મુજબ ૫મી સદીમાં વડનગરમાં 'કલ્પ સૂત્ર'નું પ્રથમ જાહેર પાઠ યોજાયું હતું. Xuanzang, પ્રખ્યાત ચાઇનીઝ વિદ્વાન ૭મી સદી A.D.માં વડનગર ગયા હતા અને બૌદ્ધ શિક્ષણના મુખ્ય કેન્દ્ર તરીકે વડનગરનો આનંદપુર તરીકે ઉલ્લેખ કરે છે. આ નગર બહુવિધ પુરાતત્વીય ખોદકામનું સાક્ષી છે, જે સૌપ્રથમ ૧૯૫૩-૫૪માં થયું હતું. વધુમાં, ગુજરાત સરકારના પુરાતત્વ નિયામકની કચેરીએ ૨૦૦૫-૦૬ થી ૨૦૧૨-૧૩ સુધી અનેક સ્થળોએ



ખોદકામ હાથ ધર્યું હતું જેણે ૨૫૦૦ વર્ષોમાં સાંસ્કૃતિક ક્રમ સ્થાપિત કર્યો હતો. ૨૦૦૮માં, ખોદકામને કારણે એક પ્રાચીન બૌદ્ધ મઠ અને વોટિવ સ્તૂપના મુખ્ય તારણો મળ્યા હતા; ૧લી સદી CEની આસપાસ સ્થાપના કરી અને ૭મી સદી CE સુધી ચાલુ રહી. ૨૦૧૪માં, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) એ ખોદકામ હાથ ધર્યું હતું જેના કારણે વડનગર વિશે તેના પ્રારંભિક સંરક્ષણ માળખાં, ટકાઉ જળ વ્યવસ્થાપન પદ્ધતિઓ, શેલ બેંગલ ઉત્પાદન ઉદ્યોગ, મુખ્ય સિસ્મિક પ્રવૃત્તિઓના પુરાવા અને અનુકૂલન અને બાહ્ય દરિયાઇ વેપારના સંદર્ભમાં નોંધપાત્ર તારણો મળ્યા હતા. લિંક્સ વડનગરના ઇતિહાસ અને મહત્વને દર્શાવવા માટે, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા વિવિધ વિકાસ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે જેમ કે વડનગરનું મુખ્ય આયોજન અને સર્વાંગી વિકાસ, પુરાતત્વીય અનુભવ સંગ્રહાલય, પ્રેરણા: ધ વર્નાક્યુલર સ્કૂલ, ડોક્યુમેન્ટ્રી. વડનગર પર, વડનગરના ઇતિહાસ અને વારસા પર બહુવિધ શૈક્ષણિક સંશોધન પ્રોજેક્ટ.

- પુરાતત્વીય પ્રાયોગિક સંગ્રહાલય એક થીમ આધારિત મ્યુઝિયમ હશે જે ૨૫૦૦ વર્ષના સમયગાળા દરમિયાન સાત સાંસ્કૃતિક સમયગાળાના લેન્સ દ્વારા નગરના વિકાસને દર્શાવતું હશે અને સાથે ખોદકામ કરાયેલા સ્થળ દ્વારા ચાલવાના માર્ગનો પ્રથમ વખતનો અનુભવ હશે.
- માનનીય પ્રધાનમંત્રીના વિઝનના આધારે, આ પ્રકારનો પ્રથમ શાળા પુનઃવિકાસ પ્રોજેક્ટ "પ્રેરણા" કાઉન્ટીના યુવાનોને પરિવર્તનના ઉત્પ્રેરક બનવા માટે પ્રેરિત કરવા માટે હાથ ધરવામાં આવી રહ્યો છે. તે ભવિષ્યની શાળા તરીકેની કલ્પના કરવામાં આવી છે પરંતુ વિવિધ તકનીકો અને તકનીકોનો ઉપયોગ કરીને શિક્ષણ અને મૂલ્યોની પ્રેરણા સાથે.
- અનંત અનાદિ વડનગર નામની ડિસ્કવરી ચેનલ દ્વારા વડનગર પર એક ડોક્યુમેન્ટરી તૈયાર કરવામાં આવી છે, જે વર્ષોથી આ શહેરની વાર્તાનું વર્ણન કરે છે, તેની અવિરત સભ્યતા અને ઐતિહાસિક ઘટનાઓને નિષ્ણાતોની વાતચીત અને 3D એનિમેટેડ પુનઃનિર્માણ દ્વારા જીવંત બનાવે છે. રસપ્રદ દસ્તાવેજીનો દરેક એપિસોડ આ પ્રાચીન નગરના અનોખા ઇતિહાસને તેના ઇતિહાસ, જ્ઞાન પ્રણાલી, વૈવિધ્યસભર સંસ્કૃતિ, લોકોની સ્થિતિસ્થાપકતા, દરિયાઇ વેપાર અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ અને પુરાતત્વીય તારણો દ્વારા તપાસે છે. આ ડોક્યુમેન્ટરી વૈશ્વિક સ્તરે ૦૭મી જૂન ૨૦૨૩ના રોજ લોન્ચ કરવામાં આવશે
- વધુમાં, ગુજરાત સરકારે વિવિધ સંશોધન દરખાસ્તો પર કામ કરવા માટે રાષ્ટ્રીય (દેશની વિવિધ અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓમાંથી પણ) અને આંતરરાષ્ટ્રીય સંશોધકોને લાવીને વડનગર પર હાથ ધરવામાં આવેલા સંશોધનને મજબૂત કરવા માટે એક અનોખું પગલું ભર્યું હતું. આ દરખાસ્તો હેઠળનો આદેશ વડનગરના ઐતિહાસિક મહત્વ, ધર્મ અને આસ્થાની ઉત્ક્રાંતિ, વેપાર અને વાણિજ્ય, કલા અને સ્થાપત્ય, ટકાઉ જળ વ્યવસ્થાપન પદ્ધતિઓ, ભૂકંપ સંબંધી પ્રવૃત્તિઓનું સંશોધન, ખોરાક અને આહારના વલણોના ક્ષેત્ર, સ્થળાંતર પેટર્ન અને વસ્તીમાં અભ્યાસ અને સંશોધન હાથ ધરવાનો છે..



### ગંગાનુ નામ સાંભળતાની સાથે જ મનમાં પવિત્રતા વધી જાય છે...

**ગંગા નદી ન હોત તો યમુના પણ ન હોત યમુના ન હોત તો દિલ્હી પણ ન હોત આવી રીતે જોવામાં આવે તો ગંગા ભારતની સૌથી મોટી ઓળખ તરીકે છે પરંતુ જો અમે થેમ્સને જોવામાં આવે તો કેટલાક પ્રશ્ન સપાટી પર આવી જાય છે**

# મંદિર કરતા ગંગાની સફાઇ જરૂરી છે

**જે લોકોએ ગંગાની કથા સાંભળી છે તેના માટે તો ગંગા દેવી કરતા ઓછી નથી : માતા તો ગંગા એમ પણ છે : સદીઓથી તે પેટીઓની સેવા કરે છે**


ગંગાનુ નામ સાંભળતાની સાથે જ અમારા તમામના દિલમાં એક પવિત્રતાની વાત આવી જાય છે. પવિત્રતાની ભાવના વધી જાય છે. પવિત્રતાની ભાવના વધે તે સ્વાભાવિક પણ છે. કારણ કે જે લોકોએ પણ ગંગાની કથા સાંભળી છે તેમના માટે તો ગંગા દેવી સમાન છે. માતા તો ગંગા પહેલાથી જ તમામની છે. માતાને લઇને તો કોઇ શંકા નથી. કારણ કે અમારી કેટલી પેઢીઓની સેવા ગંગા દ્વારા કરવામાં આવી છે. તેના વગર ભારતની કલ્પના કરવી પણ યોગ્ય નથી. કારણ કે ભારતનો જન્મ જ તેના કારણે થયો છે. ગંગા નદી ન હોત તો યમુના પણ ન હોત. યમુના ન હોત તો દિલ્હી પણ ન હોત. આવી રીતે જોવામાં આવે તો ગંગા ભારતની સૌથી મોટી ઓળખ તરીકે છે. પરંતુ જો અમે થેમ્સને જોવામાં આવે તો કેટલાક પ્રશ્ન સપાટી પર આવી જાય છે. થેમ્સના કિનારે ઇંગ્લેન્ડ પાટનગર છે. આવી જ રીતે ભારત માટે ગંગા અને યમુના છે. થેમ્સને જોતા હેરાનગતિ થાય છે. કારણ કે તેના કિનારે મોટા મોટા જજાહો જોવા મળે છે. તે એક ભરપુર ભરાયેલી નદી તરીકે દેખાય છે. તેને જોઇને મનમાં આવે છે કે તે ભવિષ્યમાં પણ અનેક પેઢીઓની સેવા કરનાર છે. પરંતુ ગંગા અને યમુના સાથે એવી નથી. તેમની સ્થિતીને જોઇ શકાય છે. ગરમીની સિઝનમાં યમુનાને તો ઓળખી પણ શકાય નહી. તે નદીથી એક ગંગા નાળામાં ફેરવાઇ



જાય છે. તેમના અંગે વર્ષો પહેલા અભિનેતા રાજકપુરે યોગ્ય કહ્યુહતુ કે ગંગા પાપીઓના પાપ ધોતા ધોતા મેલી થઇ ગઇ છે. આજે મેલી ગંગાની હાલત ખુબ જ ખરાબ છે. આ બાબતથી ગંગાના કિનારે રહેનાર લોકો પણ વાકેફ છે. કમનસીબ બાબત એ છે કે ગંગા મેલી થઇ હોવા છતાં તેને સાફ કરવા તરફ કોઇ ગંભીર પ્રયાસ કરવામાં આવી રહ્યા નથી. જેના મન ગંગાની જેમ પવિત્ર છે તે લોકો જ જ આને સાફ કરી શકશે. મનમાં ખામી અને વેર ઝેર રાખીને તેને કોઇ સાફ કરી શકશે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીથી ચૂંટણી લડી હતી. જેથી સ્વાભાવિક રીતે માનવામા આવી રહ્યુ હતુકે તેઓ ગંગાની સફાઇની વાત કરશે અને મોદીએ કરી પણ હતી. મોદીએ કહ્યુ હતુ કે માતાએ તેમને બોલાવ્યા છે. તેઓ ગંગાને સાફ કરીને જ ઝંપશે. વારાણસીના લોકોને એ વખતે જ પુછી લેવાની જરૂર હતી કે સાફ તો કરશો પરંતુ કઇ રીતે કરાશે. મોદીએ ગંગાને સાફ કરવા માટે નમામિ ગંગે નામના પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટ તો પહેલાથી જ દમ તોડવાના કિનારે છે. કેગના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે પહેલા ચાર વર્ષોમાં તે પ્રોજેક્ટ માટે નવિયત ૨૦ હજાર કરોડ પૈકી માત્ર પાંચ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરી શકાયો હતો. જ્યારે રાષ્ટ્રના વડાપ્રધાન મોદી દ્વીરા કરવામાં આવેલા વચન છતાં તેને સ્વચ્છ કરવામાં આવી નથી તો કોઇ અન્યની પાસે આશા કઇ રીતે રાખી શકાય છે. શુ ગંગાને કોઇ સમય સાફ કરી શકાશે નહીં. જ્યારે દેશમાં આઠ આઠ લેનના માર્ગો બની શકે છે દુનિયાની સૌથી ઉંચી પ્રતિમા બની શકે છે અને બુલેટ ટ્રેન ચલાવવા માટેની તૈયારી થઇ શકે છે તો ગંગાને કેમ સાફ કરી શકાય નહી. ગંગા સ્વચ્છ થઇ શકે છે પરંતુ આ કામ કોઇ રાજકીય પાર્ટી કરશે તેને લઇને શંકા છે. મજબુત રાજકીય ઇચ્છાશક્તિ અને રાજકીય પક્ષપાતથી ઉપર ઉઠીને આ પ્રક્રિયા હાથ ધરી શકાય છે. ગંગાની સફાઇ એ વખતે જ શક્ય છે જ્યારે તે ભારતીય જનતા માટે એક ભાવનાશીલ મુદ્દો બને. જનતા પાસેથી ક્યા ક્યા કામ માટે સેસ લેવામાં આવતા નથી. ગંગાની સફાઇના મુદ્દા પર તમામ એનજીઓ એક સાથે આવી શકે છે. જનતા સેસ આપી શકે છે. અહીં સુધી કે લોકો પૈસા દાન કરીને મોટા ફંડની રચના કરી શકે છે. મોટા ભાગના લોકો માને છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ આ કામને સૌથી વધારે અસરકારક રીતે પૂર્ણ કરી શકે છે. કારણ કે તેમની ઇચ્છાશક્તિ તીવ્ર રહે છે. તેમના કેટલાક પ્રોજેક્ટ ખુબ જ ઝડપથી પૂર્ણ કરવામાં આવી ચુક્યા છે. ગંગા સફાઇને પણ પણ પ્રાથમિકતાના આધાર પર પૂર્ણ કરવામાં આવી શકે છે. ઇચ્છાશક્તિ સૌથી ઉપયોગી છે. અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે જે રીતે હિન્દુ સંગઠનો અને સંસ્થાઓ આગળ આવી રહી છે તેવી જ રીતે આ મામલે પણ તમામ લોકો આગળ આવે તે જરૂરી છે. રામ મંદિરના મામલે જે રીતે લોકોની ઇચ્છાશક્તિ રહે છે તેવી ઇચ્છાશક્તિ આમાં જરૂરી છે.

# હાર્ટ સાથે સંબંધિત રોગ અને કેન્સરની તકલીફનો ખતરો રનિંગથી ૩૦ ટકા સુધી ઘટી જાય છે : કોઇ પણ પ્રકારની રનિંગથી ફાયદો થાય છે

રનિંગ આરોગ્યની સાથે સાથે લાંબી વય માટે પણ ખુબ ફાયદાકારક હોય છે. પરંતુ આના માટે જરૂરી નથી કે દરરોજ દોડ લગાવવામાં આવે. અથવા તો તેના માટે દરરોજ વોકિંગ કરવાની બાબત પણ જરૂરી નથી. સપ્તાહમાં એક દિવસ ૫૦ મિનિટ અથવા તો તેનાથી ઓછા સમય માટે દોડ લગાવનાર વ્યક્તિ પણ સ્વસ્થ રહી શકે છે. એકંદરે દોડ લગાવવાની કોઇ પણ પદ્ધિત માનવીના આરોગ્ય માટે લાભકારક સાબિત થાય છે. આ માનવીના વહેલી તકે મોતના જોખમને પણ ટાળી દેવામાં નિર્ણાયક ભૂમિકા અદા કરે છે. રિપોર્ટ વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા જારી કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. આમા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે શારરિક ગતિવિધીમાં ઘટાડો થવાના કારણે દર વર્ષે ૩૨ લાખ લોકોના મોત થઇ જાય છે. આ એવા લોકો હોય છે જે ઓફિસમાં બેસીને મોટા ભાગના કામ કરતા રહે છે. તેમના આરોગ્ય પર સૌથી વધારે માઠી અસર થાય છે. અભ્યાસમાં દાવો કરવામા આવ્યો છે કે દરરોજ દોડ લગાવનાર લોકો, સપ્તાહમાં કોઇ એક દિવસ દોડ લગાવનાર લોકો અને બિલકુલ દોડ નહીં લગાવનાર લોકોને આવરી લઇને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ શોધ કરતી વેળા ૨૫૯૫૧ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. તેમની શારરિક ગતિવિધી પર નજર રાખવામાં આવી હતી. જે લોકો દોડ લગાવે છે તે લોકોને પણ આમાં સામેલ કરવામા આવ્યા હતા. અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે રનિંગ કરનાર લોકો શારરિક ગતિવિધી નહીં કરનાર લોકોની સરખામણીમાં આરોગ્યમાં ખુબ શાનદાર રહ્યાહતા. તેમનામાં વહેલી તકે મોતનો ખતરો પણ ઓછો રહ્યો છે. દોડ લગાવનાર લોકોમાં વહેલી તકે મોતનો આંકડો ૨૭ ટકા ઓછો રહ્યો હતો. હાર્ટ સંબંધિત સમસ્યાઓનો ખતરો પણ ૩૦ ટકા ઓછો રહ્યો છે. કેન્સર સંબંધિત બિમારીનો ખતરો પણ ૨૩ ટકા સુધી ઓછો રહ્યો છે. બે લાખ કરતા વધારે લોકોને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં કેટલીક ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. શોધ બ્રિટીશ જર્નલ ઓફ સ્પોર્ટસમાં પ્રકાશિત કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. અભ્યાસમાં સામેલ કરવામાં આવેલા તમામ લોકોની વય ૩૫થી ૫૫ વર્ષની વચ્ચે આંકવામાં આવી હતી. કેટલાક નિષ્ણાંતો તો કહે છે કે જો દોડવામાં ન આવે તો ચાલીને પણ કામ ચલાવી શકાય છે. દરરોજ વોકિંગ પણ અસરકારક સાબિત થાય છે. બ્રિટનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ઝડપથી ચાલવાથી કેન્સરથી બચી શકાય છે. સ્તન કેન્સર અને આંતરડાના કેન્સરના મામલામાં ઝડપથી ચાલવાથી ઘટાડો નોંધાય છે. વર્લ્ડ કેન્સર રિસર્ચના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, હાર્ટના ધબકારા વધી જાય તેવી કોઇપણ કસરત કેન્સરથી બચવામાં મદદરૂપ નિવડે છે. શારીરિક કસરતથી સ્થૂળતામાં ઘટાડો થાય છે. ઉલ્લેખનીય છે કે, સ્થૂળતાના કારણે કેન્સરનો ખતરો વધી જાય છે. ડબ્લ્યુસીઆરએફના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, શારીરિક કસરત લાંબા સમય સુધી કરવાથી નાની મોટી અન્ય તકલીફો પણ દૂર થઇ શકે છે. વૈજ્ઞાનિકોના મતે અતિ ઝડપથી ચાલવા ઉપરાંત સાઇકલીંગ, સ્વિમીંગ, ડાંસ જેવી પ્રવૃત્તિથી પણ કેન્સરને ટાળવામાં મદદ મળી શકે છે. અભ્યાસના અહેવાલના મહત્વને બ્રિટનની દ્રષ્ટિએ પણ ઉપયોગી ગણવામાં આવે છે. આ બાબતના મજબૂત પૂરાવા મળ્યાં છે કે, સક્રિય શારીરિક ગતિવિધિથી કેન્સરથી બચી શકાય છે. આવી પ્રવૃત્તિ હાથ ધરીને હજારો કેસ ઓછા કરી શકાય છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, આરોગ્યને લગતા લાભ લેવા માટે દરરોજ કસરત સાથે સંબંધિત કેન્દ્રોમાં જવાની જરૂર નથી. દરરોજની પ્રવૃત્તિમાં થોડાક ફેરફાર કરીને સંકટને પણ ટાળી શકાય છે. ડો. થોમ્પસને ઝડપથી ચાલવાની બાબતને પોતાની દરરોજની ટેવમાં આવરી લેવાની સલાહ આપી છે. કેન્સર રિસર્ચ યુકે નામની સંસ્થાએ પણ ડબ્લ્યુસીઆરએફના પરિણામોને યોગ્ય ઠેરવ્યાં છે. નિયમિત રીતે સામાન્ય કસરતથી આંતરડાના કેન્સર અને સ્તન કેન્સરથી બચી શકાય છે.





Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now
C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com


CMYK



# હેરને ખરતા અટકાવવા માટે અજવાવો આ ઉપાયો

આજકાલ નાની વયમાં વાળ સફેદ થવા અને વાળ ખરવાની સમસ્યા સામાન્ય બની રહી છે. હેરની સારસંભાળ માટે, માથામાં નાળિયેર તેલની માલિશ કરવાની સલાહ આપવામાં આવે છે. આ ઉપાયો અપનાવવાથી તમારા વાળ પહેલા જેવા જ કાળા અને ઘટ્ટ પણ થશે.

### નાળિયેર તેલ અને લીમડાના પાન

વાળના નિષ્ણાતોના મતે, જો તમારા વાળના મૂળ નબળા થઈ રહ્યા છે, તો તમે નારિયેળના તેલમાં મીઠા લીમડાના પાનનો ઉપયોગ કરી શકો છો. આ માટે સૌ પ્રથમ પાંદડાને સૂકવી લો. ત્યાર બાદ તે સૂકા પાનને નારિયેળના તેલમાં નાખીને ગરમ કરો. થોડીવાર ગરમ કર્યા પછી, તે તેલને કાઢી લો અને તેને ઠંડુ કરો અને પછી તે દ્રાવણને વાળના મૂળમાં લગાવો. આમ કરવાથી તમારા વાળના મૂળ મજબૂત બને છે અને વાળ ખરવા પણ લાગે છે.

### નારિયેળ તેલમાં એલોવેરા જેલ મિક્સ કરો

વાળમાં નાળિયેર તેલમાં એલોવેરા લગાવવું પણ ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. ખરેખર, એલોવેરા જેલમાં વિટામિન-એ, બી અને બી12 જેવા ઘણા પોષક તત્વો મળી આવે છે. જ્યારે નારિયેળ તેલમાં એન્ટીબેક્ટેરિયલ અને એન્ટિમાઈક્રોબાયલ ગુણ હોય છે. આ બંનેના મિશ્રણને લગાવવાથી વાળ મજબૂત બને છે અને તેમાં ખંજવાળની સમસ્યા પણ રહેતી નથી. તેનાથી વાળમાં ચમક પણ વધે છે

### એરંડાના તેલનો ઉપયોગ

વાળ ખરતા અટકાવવા માટે તમે નારિયેળના તેલમાં એરંડાનો ઉપયોગ પણ કરી શકો છો. એરંડાના તેલમાં ફેટી એસિડ અને એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જે મૂળને મજબૂત બનાવે છે અને વાળ ખરતા અટકાવે છે. આ બંનેનું મિશ્રણ લગાવવાથી વાળમાં જમા થયેલી ગંદકી પણ દૂર થાય છે અને સમય પહેલા સફેદ થતાં નથી.



# કોળાના બીજમાં અનેક ગુણોનો ભંડાર ભરેલો છે

કોળુ જેને પમ્પકીન કહેવાય છે, તેના બીજ મોટા ભાગે લોકો ફેંકી દેતા હોય છે. પણ કોળાના બીજમાં અનેક ગુણોનો ભંડાર હોય છે. કોળાના બીજને જો થોડા પણ ડાયટમાં સામેલ કરી લેવામાં આવે તો, આપણને કેટલીય બીમારીઓથી બચાવી શકે છે. તે પોષક તત્વોથી ભરપૂર હોય છે. થોડી માત્રામાં પણ કોળુના બીજ ખાવાથી હેલ્દી ફેટ, મેગ્નેશિયમ, ઝિંક, પ્રોટીન, ફાઈબર, કાર્બોહાઈડ્રેટ, મેગ્નીઝ, આયરન, કેટલાય પ્રકારના વિટામિન સહિત એન્ટીઓક્સિડેંટ્સનો હાઈ ડોઝ મળી શકે છે. હાઈ એન્ટીઓક્સિડેંટ્સના કારણે કોળાના બીજ કેન્સર સહિત કેટલીય બીમારીઓથી બચાવે છે. તે કોલેસ્ટ્રોલ અને બ્લડ શુગરને ખૂબ જ જલ્દી ઘટાડી દે છે.

પેશાબ સંબંધિત સમસ્યાઓથી મુક્તિ : કોળાના બીજના સેવનથી પેશાબ સંબંધિત સમસ્યાઓથી છુટકારો અપાવે છે. પમ્પકીન સીડ્સ પ્રોસ્ટેટિક હાઈપરલેપ્સિયા જેવી બીમારીઓથી રાહત પહોંચાડે છે. કોળાના બીજ બ્લેડરની બીમારીથી છુટકારો અપાવે છે. આ યૂરેનરી ઈંફેક્શનને કામ કરે છે અને યૂરીનરી ફંક્શનને તેજ કરે છે.

હાર્ટ એટેકના ખતરામાં કમી : કોળાના બીજમાં એન્ટીઓક્સિડેંટ્સ, મેગ્નેશિયમ, ઝિંક અને અનસૈચુરેટેડ ફેટ જોવા મળે છે, જે હાર્ટના હેલ્થ માટે ખૂબ જ ઔષધિવર્ધક છે. એટલા માટે કોળાના બીજ હાર્ટ એટેક અથવા સ્ટ્રોકના જોખમને કમ કરે છે. તો વળી કોળાના બીજને કોલેસ્ટ્રોલ લેવલને પણ ખૂબ જ કમ કરે છે, જેનાથી ધમણીઓમાં પ્લેક જમા થવાનો ખતરો કમ કરે છે. એક અધ્યયનમાં જણાવ્યા અનુસાર કોળાના બીજ ગુડ કોલેસ્ટ્રોલને વધારે છે અને બેડ કોલેસ્ટ્રોલને ઘટાડે છે.

બ્લડ શુગરમાં કમી : કોળાના બીજમાં ડાયાબિટીઝ દર્દીને ખૂબ જ ફાયદો મળે છે. તેનાથી બ્લડ શુગરને ઘટાડી શકે છે. ઉંદર પર કરવામાં આવેલા એક સંશોધનમાં કોળાના બીજના પાઉડરથી તેમાં બ્લડ શુગરને ખૂબ જ વધારે માત્રામાં ઘટાડે છે. તો વળી માણસો પર કરવામાં આવેલા એક અન્ય અધ્યયનમાં એ સામે આવ્યું છે કે, રોજ 65 ગ્રામ કોળાના બીજ ખાવાથી વધારે બ્લડ શુગરને કમ કરી શકાય છે.

# બાળકોને ગેસની સમસ્યા થાય તો અપનાવો આ ઘરેલુ ઉપાયો



નાના બાળકોને ગેસની તકલીફ સૌથી વધારે થતી હોય છે. પેટમાં ગેસની સમસ્યા થાય ત્યારે બાળક રડવા લાગે છે. બાળક નાનુ હોવાથી તે બોલી શકતું નથી. જેના કારણે માતા-પિતા એ જાણી શકતા નથી કે તેને શું થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં માતા-પિતા પણ પરેશાન થઈ જાય છે. આમ, તમારા બાળકને પણ વારંવાર પેટમાં ગેસ થઈ જાય છે તો આ ઘરેલુ ઉપાયો અસરકારક છે.

### એલાયચી

એલાયચીમાં આયર્ન, ફાઈબર, પોટેશિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ અને વિટામિન C જેવા ઘણા પોષક તત્વો હોય છે જે પાચન અને ગેસ સંબંધિત સમસ્યાઓને દૂર કરે છે. બાળકને એલાયચીવાળુ દૂધ આપી શકો છો અથવા જમવામાં પણ 1 કે 2 એલાયચી મિક્સ કરીને આપો. એલાયચી બાળકોને આપવાથી ઉલ્ટી અને પાચન સંબંધી ઘણી સમસ્યાઓને દૂર થાય છે.

### અજમો

અજમો શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે. તેને ખાવાથી ખોરાક સરળતાથી પચી જાય છે. બાળકોને અજમો આપવા માટે એક બાઉલમાં 1/4 વાટકી પાણીને ઉકાળી લો. પાણીને ઉકળ્યા પછી તેમાં 1/2 ચમચીથી ઓછો અજમો ઉમેરો. પાણીને સારી રીતે ઉકાળ્યા પછી તેને ગાળીને નવશેકું પાણી બાળકને પીવડાવો. બાળકને અજમાની ચા પણ આપી શકાય છે. બાળકને અજમો મર્યાદિત માત્રામાં જ આપો.

# બબુ પોચા ખાવાના અઢળક ફાયદા...



બબુ પોચા એ ખુબ જ લોકપ્રિય ફળ છે. ભારતમાં આ ફળની ખેતી ઉત્તર પ્રદેશ, પંજાબ અને કાશ્મીરમાં થાય છે. બબુ પોંચામાં રહેલ ખનીજ વિટામિન સ્વાસ્થ્ય માટે ખુબ લાભદાયી છે. તેના અઢળક ફાયદા વિષે બહુ ઓછા લોકો જાણે છે.

બબુ પોચા ખાવાથી પાચનક્રિયા સારી રહે છે. જે લોકોને જમ્યા પછી ખાધેલું પચવામાં પ્રોબ્લેમ થતો તેના માટે આ ફળ મદદરૂપ થાય છે. તેમાં ફાયબર સારી માત્રમાં હોય છે તેનાથી પાચનતંત્ર મજબૂત બને છે. તેમાંથી આયરન મળતું હોવાથી તે હિમોગ્લોબીન સારી માત્રમાં વધારી શકે છે.

આ ફળમાં વિટામિન સી પણ હોય છે જે રોગ પ્રતિકારક શક્તિ વધારવાનું કામ કરે છે. શરીરને અલગ અલગ રોગોથી લડવાની તાકાત મરે છે. તમને જો હાડકાને લગતી કોઈ સમસ્યા હોય તો આ ફળ નું સેવન ફાયદાકારક રહેશે. આમ બુરોન નામનું રાસાયણિક તત્વ મળી રહે છે જે કેલ્શિયમ લેવલને જારવી રાખવાનું કામ કરે છે.

બબુ પોચાને ખાવાથી સ્કીન પણ ચમકે છે અને બોડીને ભરપૂર એનર્જી મળે છે. શરીર ઉપર સોજો આવ્યો તો તેને ઓછો કરવામાં પણ મદદરૂપ થાય છે. તમે વધુ મહેનત વાળું કામ કર્યું અથવા કસરત કરીને આવ્યા હોય તો આનો જ્યુસ પીવાથી મસલ્સ ને આરામ મળે છે. તમે દિવસભર કામ કરીને થાક્યા હોય તો આ એક ફળ ખાઈ લો તો તણાવમુક્ત થઈ જાઓ છો.



# તહેવારની મોસમમાં ઘરે બનાવો અંજીર બરફી

તહેવારની મોસમ ચાલી રહી છે, દરેકના ઘરે તહેવાર પર ગળ્યું બનાવવામાં આવે છે. તહેવાર દરમિયાન ઘણા લોકોના ઘરે બરફી બનાવવામાં આવે છે. તે ખૂબ જ સરળતાથી તૈયાર પણ થાય છે. ઘણા લોકો બરફી ઘરે બનાવે છે, પરંતુ તે બજાર જેટલી નરમ નથી બનતી. પરંતુ અમે તમને સોફ્ટ અંજીરની બરફી કેવી રીતે બનાવવી તેના વિશે જણાવીશું. જેને મોઢામાં મુકતા જ પીગળવા લાગશે. આ મીઠાઈનો સ્વાદ એવો છે કે બાળકોને પણ તે ખૂબ પસંદ આવે છે. તો ફટાફટ નોંધી લો અંજીરની બરફીની રેસિપી

### સામગ્રી

175 ગ્રામ અંજીરના ટુકડા, 75 ગ્રામ બીજ વગરની ખજૂર, 50 ગ્રામ કિસમિસ, 50 ગ્રામ પિસ્તા ઝીણા સમારેલા, 50 ગ્રામ કાજુ ઝીણા સમારેલા, 50 ગ્રામ બદામ ઝીણી સમારેલી, 04 ચમચી દેશી ઘી.

### અંજીરની બરફી બનાવવાની રીત

સૌથી પહેલા અંજીર, ખજૂર અને કિસમિસને મિક્સરમાં પીસીને પેસ્ટ બનાવી લો. ધ્યાન રાખો પીસતી વખતે પાણી નાખવાનું નથી. હવે પેનને ગેસ પર મૂકો તેમાં બે ચમચી દેશી ઘી ઉમેરો. ત્યારબાદ કાજુ, બદામ અને પિસ્તાને હલકા સોનેરી થાય ત્યાં સુધી સાંતળો. જે બાદ તેને એક વાસણમાં કાઢી લો. હવે આ પેનમાં ફરીથી ઘી નાખી ધીમી આંચ પર અંજીરની પેસ્ટ ઉમેરો અને સાતથી આઠ મિનિટ સુધી સાંતળો. આ પછી તેમાં શેકેલા કાજુ, બદામ અને પિસ્તા ઉમેરો. હવે ગેસ બંધ કરીને મિશ્રણને ઘી લગાવીને ગ્રીસ કરેલી થાળી અથવા ચોકીમાં કાઢો. જે બાદ તેને આખી થાળીમાં ફેલાવી દો અને બે કલાક માટે સેટ થવા દો. હવે છરી વડે તમારા મનપસંદ આકારમાં કાપો. તૈયાર છે હેલ્ધી અંજીર બરફી.

# ગ્લિસરીનમાં ગુલાબજળ મિક્સ કરી લગાવવાથી ચહેરો ચમકી જશે




જ્યારે જ્યારે વાતાવરણમાં ફેરફાર થાય તો તેની અસર ત્વચા પર સૌથી પહેલા થાય છે. તેવામાં બદલતા વાતાવરણમાં ત્વચાની સંભાળ રાખવા માટે અલગ અલગ વસ્તુઓ સાથે રાખવી પડે છે. સ્કીન કે રૂટિનમાં આજ સુધી તમે અલગ અલગ વસ્તુઓનો સમાવેશ કર્યો હશે. બદલતા વાતાવરણમાં તમે ત્વચાની સંભાળ લેવા માંગો છો અને ત્વચા પર કુદરતી ગ્લો વધે તેવી ઈચ્છા ધરાવવો છો તો ગ્લિસરીનને અલગ અલગ વસ્તુઓ સાથે ઉપયોગમાં લેવાનો રાખો.

**ગ્લિસરીન અને ગુલાબજળ :** ત્વચા પર ડ્રાયનેસની સમસ્યા હોય તો ગ્લિસરીનમાં ગુલાબજળ મિક્સ કરી ચહેરા પર લગાડો. પાંચ મિનિટ પછી ઠંડા પાણીથી ચહેરો સાફ કરો તેનાથી ત્વચાનું મોઈશ્ચર જળવાયેલું રહેશે.

**ગ્લિસરીન અને મુલતાની માટી :** ત્વચા પર ડાઘ થઈ ગયા હોય તો મુલતાની માટીમાં ગ્લિસરીન ઉમેરીને ફેસપેક તૈયાર કરી તેને ચહેરા પર લગાડો. આ ફેસપેક નો ઉપયોગ કરવાથી ચહેરાના ડાઘ ધબ્બા દૂર થાય છે.

**ગ્લિસરીન અને મધ :** મધ અને ગ્લિસરીનનો ઉપયોગ કરવાથી ત્વચા પરના પીગમેન્ટેશનથી રાહત મળે છે. સાથે જ એકને અને ખીલથી પણ મુક્તિ મળે છે.

**ગ્લિસરીન અને લીંબુ :** જો ત્વચા પર ખંજવાળ ખીલ વધારે પ્રમાણમાં થઈ ગયા હોય તો ગ્લિસરીનમાં લીંબુનો રસ મિક્સ કરી ચહેરા પર અપ્લાય કરો થોડીવાર પછી તાજા પાણીથી ચહેરો સાફ કરો.

# પીરિયડ્સના દુખાવા દરમિયાન તજ અને મધનું સેવન કરવું ફાયદાકારક

લગભગ દરેક ભારતીય ઘરોમાં તજનો ઉપયોગ મસાલા તરીકે થાય છે. તેનો ઉપયોગ ઘણા પ્રકારના નાસ્તા, વનસ્પતિ અને હર્બલ પીણાંમાં થાય છે. પરંતુ તજ અને મધનો ઉપયોગ કરવાથી પીરિયડ્સ દરમિયાન થતા દુખાવામાં ઘણી રાહત મળે છે. પીસીઓએસની સમસ્યા અને મેનોપોઝ દરમિયાન થતી સમસ્યાઓને દૂર કરવા માટે મહિલાઓ પણ તજનું સેવન કરી શકે છે.

તજમાં મેગ્નેશિયમ, આયર્ન, ફોસ્ફરસ, કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન, કેલ્શિયમ, મેંગેનીઝ, કોપર, ઝિંક, વિટામિન્સ, નિયાસિન, થિયામીન અને લાઈકોપીન જેવા પોષક તત્વો મળી આવે છે. આ તમામ પોષક તત્વો તમારા શરીરને મજબૂત બનાવવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. મહિલાઓ માટે તજ ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ પોષક તત્વો તમારી રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત બનાવે છે. આ તમારી ઘણી સમસ્યાઓનું નિરાકરણ લાવી શકે છે.

પીરિયડ્સમાં ઘણી સ્ત્રીઓને ભારે દર્દ અને પેટ સંબંધિત સમસ્યાઓનો પણ સામનો કરવો પડે છે. આવી સ્થિતિમાં તજમાં રહેલા ફાઈબર, પોટેશિયમ અને અન્ય પોષક તત્વો આ સમસ્યાઓને દૂર કરી શકે છે. આ માટે તમે તજનું પાણી પી શકો છો.



### આ રીતે કરો ઉપયોગ

- તજનું પાણી બનાવવા માટે તમે તજને આખી રાત પલાળીને રાખી શકો છો. આ સિવાય તમે તજને પાણીમાં 10 મિનિટ ઉકાળીને પી શકો છો.
- પીરિયડ્સના દુખાવા દરમિયાન તજ પાવડર અને મધનું સેવન કરી શકાય છે. આ ખૂબ જ આરામદાયક હોઈ શકે છે.
- પેટ સંબંધિત સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે તમે તજ અને લીંબુ પાણી પી શકો છો.
- આ સિવાય તમે તજ અને ગોળની પેસ્ટ પણ ખાઈ શકો છો. તેનાથી ગળાની સમસ્યામાં રાહત મળે છે.

### પોલીસ દ્વારા અટકાયત કરાયેલા કેટલાક લોકોની મુક્તિની માંગ સાથે ભૂખ હડતાળ પર બેઠેલા વિરોધીઓ

# કટરામાં રોપ-વે પ્રોજેક્ટ વિરુદ્ધ હડતાળનો ચોથો દિવસ

### જમ્મુ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝે માતા વૈષ્ણો દેવી સંઘર્ષ સમિતિને ટેકો આપ્યો અને વહીવટીતંત્રને વાટાઘાટો દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવા અપીલ કરી

। જમ્મુ, તા.૨૮ ।

રોપવે પ્રોજેક્ટ વિરુદ્ધ કટરામાં હડતાલ શનિવારે તેના ચોથા દિવસે પ્રવેશી હતી અને કટરામાં પોલીસ દ્વારા અટકાયત કરાયેલા કેટલાક લોકોની મુક્તિની માંગ સાથે ભૂખ હડતાળ પર બેઠેલા વિરોધીઓ. જમ્મુ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝે માતા વૈષ્ણો દેવી સંઘર્ષ સમિતિને ટેકો આપ્યો અને વહીવટીતંત્રને વાટાઘાટો દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવા અપીલ કરી. અઠવાડિયાની શરૂઆતમાં, શ્રી માતા વૈષ્ણો દેવી સંઘર્ષ સમિતિએ આ વિસ્તારમાં તમામ વ્યવસાયિક પ્રવૃત્તિઓ બંધ કરવાની જાહેરાત કરી હતી. શુક્રવારે રાત્રે સમિતિએ બંધને વધુ ૭૨ કલાક માટે લંબાવ્યો હતો.બુધવારથી તમામ દુકાનો, રેસ્ટોરાં અને વેપારી સંસ્થાઓ બંધ છે, જેના કારણે કટરામાં સામાન્ય જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે. જ્યાં માતા વૈષ્ણો દેવીના ગુફા મંદિરમાં દરરોજ હજારો ભક્તો પૂજા કરવા આવે છે. સમિતિના પ્રવક્તાએ કહ્યું કે અમે ગઈકાલે રાત્રે હડતાળ લંબાવી છે.








### કટરામાં વિરોધીઓને મળવા માટે ટીમનું નેતૃત્વ કર્યું

જેસીસીઆઇ પ્રમુખ અરુણ ગુપ્તા, જેમણે કટરામાં વિરોધીઓને મળવા માટે ટીમનું નેતૃત્વ કર્યું હતું, જણાવ્યું હતું કે સ્થાનિક વસ્તીને નુકસાન પહોંચાડતી વિકાસ યોજનાઓને આગળ ન લઈ જવી જોઈએ. હવે સમય આવી ગયો છે કે કટરામાં વિરોધ કરી રહેલા લોકો સાથે વાત કરીને આ મુદ્દાને યોગ્ય રીતે ઉકેલવામાં આવે. આ યોજનાની જાહેરાત ગયા મહિને શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડ દ્વારા કરવામાં આવી હતી, જેમાં કટરાથી સાંજી છટ સુધીના રૂ. ૨૫૦ કરોડના રોપ વે પ્રોજેક્ટની દરખાસ્ત કરવામાં આવી હતી, જે વરિષ્ઠ નાગરિકો, બાળકો અને અન્ય લોકો માટે મંદિરમાં પ્રવેશને સરળ બનાવશે.

### સરકાર રોપ-વે પ્રોજેક્ટ રદ ન કરે ત્યાં સુધી આ ૭૨ કલાક સુધી ચાલુ રહેશે

જ્યાં સુધી સરકાર રોપ-વે પ્રોજેક્ટ રદ ન કરે ત્યાં સુધી આ ૭૨ કલાક સુધી ચાલુ રહેશે. રોપ-વે પ્રોજેક્ટના વિરોધ દરમિયાન પોલીસે અટકાયતમાં લીધેલા ૧૮ સભ્યોને મુક્ત કરવાની માંગ સાથે સમિતિના પાંચ સભ્યો ભૂખ હડતાળ પર છે. જમ્મુના નાયબ મુખ્યમંત્રી સુરેન્દ્ર ચૌધરીએ રોપ-વે બનાવવાના નિર્ણયને ખોટો નિર્ણય ગણાવ્યો અને ઉપરાજ્યપાલને વિરોધીઓ સાથે વાત કરવાની અપીલ કરી. આ બંધ દરમિયાન, શ્રાઈન બોર્ડે કટરા રેલ્વે સ્ટેશન, બાણગંગા અને તારાકોટ પર વિશેષ લંગર બનાવ્યા છે, જ્યાં ભક્તોને ચા અને દૂધ આપવામાં આવે છે. જેથી બંને ટ્રેક પર મુસાફરી સરળતાથી ચાલુ રહે.

### વહીવટીતંત્રને વાટાઘાટો દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવા અપીલ કરી

રોપવે પ્રોજેક્ટ વિરુદ્ધ કટરામાં હડતાલ શનિવારે તેના ચોથા દિવસે પ્રવેશી હતી અને કટરામાં પોલીસ દ્વારા અટકાયત કરાયેલા કેટલાક લોકોની મુક્તિની માંગ સાથે ભૂખ હડતાળ પર બેઠેલા વિરોધીઓ. રોપ-વે પ્રોજેક્ટના વિરોધ દરમિયાન પોલીસે અટકાયતમાં લીધેલા ૧૮ સભ્યોને મુક્ત કરવાની માંગ સાથે સમિતિના પાંચ સભ્યો ભૂખ હડતાળ પર છે. જમ્મુના નાયબ મુખ્યમંત્રી સુરેન્દ્ર ચૌધરીએ રોપ-વે બનાવવાના નિર્ણયને ખોટો નિર્ણય ગણાવ્યો અને ઉપરાજ્યપાલને વિરોધીઓ સાથે વાત કરવાની અપીલ કરી. જેમાં કટરાથી સાંજી છટ સુધીના રૂ. ૨૫૦ કરોડના રોપવે પ્રોજેક્ટની દરખાસ્ત કરવામાં આવી હતી, જે વરિષ્ઠ નાગરિકો, બાળકો અને અન્ય લોકો માટે મંદિરમાં પ્રવેશને સરળ બનાવશે.

---

### મર્ડ બોયફ્રેન્ડ અગસ્ત્ય સાથે સુહાના પિતા શાહરૂખ ખાન પાસે પહોંચી



। મુંબઇ, તા.૨૮ ।

તાજેતરમાં, તમામ બોલિવૂડ સ્ટાર્સ ક્રિસમસ સેલિબ્રેશન માટે સમાચારમાં હતા, ત્યારબાદ હવે દરેકની નજર તેમની ન્યૂ યર પાર્ટી પર ટકેલી છે. જો કે, લોકોનું સૌથી વધુ ધ્યાન શાહરૂખ ખાનની પુત્રી સુહાના ખાન અને અમિતાભ બચ્ચનના પૌત્ર અગસ્ત્ય નંદાએ ખેચ્યુ છે. તેમના ડેટિંગના સમાચાર ઘણા સમયથી લોકોમાં ફરતા હતા અને તાજેતરમાં જ બંને ફરી એકવાર સાથે જોવા મળ્યા હતા.તાજેતરમાં સુહાના અને અગસ્ત્ય બંને ન્યૂ યર પાર્ટીમાં સાથે જોવા મળ્યા હતા. બંને પાર્ટી માટે શાહરૂખ ખાનના આલીશાન અલીબાગ ફાર્મ હાઉસમાં જતા જોવા મળ્યા હતા. આ દરમિયાન બંને ખૂબ જ કેઝ્યુઅલ લુકમાં હતા, આ સમયે અગસ્ત્યએ આર્યન ખાનની ડાયવોલ બ્રાન્ડની કેપ પણ પહેરી હતી. અલીબાગ ફાર્મ હાઉસ, ડેજા વુ ફાર્મ્સ નામનું વૈભવી રીટ્રીટ છે.

### રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં શનિવારે પણ આકાશ વાદળછાયું રહ્યું હતું

# દિલ્હી : ડિસેમ્બરમાં તુટ્યો ૧૦૧ વર્ષનો રેકોર્ડ । પહેલીવાર ભારે વરસાદ પડ્યો

### દલ્હીમાં લઘુત્તમ તાપમાન ૧૨.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું । આ તાપમાન સામાન્ય કરતા છ ડિગ્રી વધુ છે, રિપોર્ટ અનુસાર દિલ્હીમાં શનિવારે ૪૧.૨ મીમી વરસાદ નોંધાયો હતો

। નવીદિલ્હી,તા.૨૮ ।

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં શનિવારે પણ આકાશ વાદળછાયું રહ્યું હતું. દિવસ દરમિયાન હળવો વરસાદ પણ અનેકવાર થયો હતો. હવામાન વિભાગે 'યલો એલર્ટ' જારી કરીને આગામી ૨૪ કલાક સુધી આવો હળવો વરસાદ ચાલુ રહેવાની સંભાવના દર્શાવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર શનિવારે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૧૨.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ તાપમાન સામાન્ય કરતા છ ડિગ્રી વધુ છે. રિપોર્ટ અનુસાર દિલ્હીમાં શનિવારે ૪૧.૨ મીમી વરસાદ નોંધાયો હતો.આટલો વરસાદ ૧૦૧ વર્ષ પછી ડિસેમ્બર મહિનામાં થયો છે. આ પહેલા ૩ ડિસેમ્બર ૧૯૨૩ના રોજ દિલ્હીમાં ૭૫.૭ મીમી વરસાદ પડ્યો હતો. ત્યારે વરસાદના કારણે હોબાળો મચી ગયો હતો. આ વખતે



પણ વરસાદને કારણે દિલ્હીમાં ઠંડીમાં વધારો થવાની સંભાવના છે. અત્યાર સુધી અહીં હળવી ઠંડી હતી, પરંતુ હવામાન વિભાગનો દાવો છે કે હવે તીવ્ર ઠંડી શરૂ થવાની છે. તેવી જ રીતે વરસાદમાં ભીના થવાના કારણે લોકોમાં બીમાર પડવાનું જોખમ પણ વધી ગયું છે.છેલ્લા ૨૪ કલાકથી વરસાદની સકારાત્મક અસર હવાની ગુણવત્તામાં સુધારાના સ્વરૂપમાં પણ જોવા મળી છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અનુસાર, શનિવારે સવારે ૯ વાગ્યે દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૫૨ હતો, જે 'મધ્યમ' શ્રેણીમાં આવે છે. આ અગાઉ કરતાં વધુ સારી સ્થિતિ છે, જ્યાં પ્રદૂષણનું સ્તર સામાન્ય રીતે ગંભીર જોવા મળતું હતું.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં દિલ્હી-એનસીઆરમાં હવામાનમાં થોડો ફેરફાર જોવા મળી શકે છે.

### જવાનોના પરિવારોને મોટી રાહત

## એક્સ-ગ્રેશિયાની રકમ ૫૦ લાખ રૂપિયાથી વધારીને ૧ કરોડ રૂપિયા કરવામાં આવી

### હરિયાણાના સીએમ નાયબ સિંહ સૈનીએ શહીદ સેના અને સીઆરપીએફ જવાનોના પરિવારોને મોટી રાહત આપતા મોટી જાહેરાત કરી

। ચંડીગઢ,તા.૨૮ ।

હરિયાણાના સીએમ નાયબ સિંહ સૈનીએ શહીદ સેના અને સીઆરપીએફ જવાનોના પરિવારોને મોટી રાહત આપતા મોટી જાહેરાત કરી છે. સેના અને સીઆરપીએફના શહીદોના પરિવાર માટે એક્સ-ગ્રેશિયાની રકમ ૫૦ લાખ રૂપિયાથી વધારીને ૧ કરોડ રૂપિયા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.નોંધનીય છે કે અગાઉ પણ ઘણી વખત શહીદ જવાનોના પરિવારજનો માટે એક્સ-ગ્રેશિયાની રકમ વધારવાની માંગ ઉઠી છે. આવી સ્થિતિમાં સરકાર દ્વારા એક્સ-ગ્રેશિયાની રકમ વધારવાની જાહેરાત એક મોટો નિર્ણય છે, જેનાથી શહીદોના પરિવારોને ઘણી આર્થિક રાહત મળશે.તમને જણાવી દઈએ કે એક્સ-ગ્રેશિયા રકમ એ રકમ છે જે સરકાર કોઈ ચોક્કસ વ્યક્તિ અથવા તેના પરિવારને થયેલા નુકસાન અથવા નુકસાનની ભરપાઈ કરવા માટે ચૂકવે છે. આ ચુકવણી લોકોને તેમના તરફથી કોઈ જવાબદારી અથવા દેવાની અપેક્ષા રાખ્યા વિના આપવામાં આવે છે.મૃતકના પરિવારના સભ્યોને આનો લાભ મળે છે અને તેઓ આર્થિક રીતે તેમની પ્રવૃત્તિઓ હાથ ધરવા સક્ષમ બને છે.૧૯૫૭ની હિન્દી ચળવળના માતૃભાષા સત્યાગ્રહીઓ માટે માસિક પેન્શનમાં વધારો કરવામાં આવ્યો૧૯૫૭ની માતૃભાષા હિન્દી ચળવળના સત્યાગ્રહીઓ માટે માસિક પેન્શન, જે ૧૫,૦૦૦ રૂપિયા હતું, તેમાં પણ વધારો કરવામાં આવ્યો છે. આ પેન્શન વધારીને ૨૦ હજાર રૂપિયા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### રાનીએ દેશી કલરના પોશાક પહેર્યા, માટીના ચૂલા પર રાંધ્યું ભોજન



। મુંબઇ, તા.૨૮ ।

ભોજપુરી સિનેમાની જાણીતી અભિનેત્રી રાની ચેટર્જી આ દિવસોમાં તેની આગામી ફિલ્મ 'માયેકે કા ટિકિટ કટા દી પિયા'ને લઈને ચર્ચામાં છે. અભિનેત્રી આ ફિલ્મનું શૂટિંગ કરી રહી છે. આ દરમિયાન તેણે સેટની કેટલીક ઝલક સોશિયલ મીડિયા પર શેર કરી છે. રાની શૂટ વચ્ચે સેટ પર રસોઈ કરતી જોવા મળે છે. રસપ્રદ વાત એ છે કે તે આધુનિક રસોડામાં નહીં, પરંતુ માટીના ચૂલા પર રસોઈ બનાવે છે.રાની ચેટર્જીએ ઈન્સ્ટાગ્રામ પર પોતાનો એક વીડિયો શેર કર્યો છે. આમાં તે માટીના ચૂલા પર ભોજન બનાવી રહી છે. સાડી પહેરેલી અભિનેત્રી સંપૂર્ણપણે દેશી કલરમાં છે. તેણે તેની સાથે કેપ્શન લખ્યું છે, 'ફિલ્મના શૂટિંગની સૌથી સારી વાત એ છે કે તમને ગામડાના જીવનનો ખૂબ જ સારો અનુભવ મળે છે. 'માઈક કે ટિકિટ કટા દી પિયા'ના સેટ પરથી હું આ વીડિયો તમારા માટે શેર કરી રહ્યો છું.

---

### અમેરિકન રાજ્ય ઓહાયોમાં હવે હિન્દુ વિદ્યાર્થીઓને દિવાળીની રજા મળશે

। વોશિંગ્ટન,તા.૨૮ ।

અમેરિકાના ઓહાયો રાજ્યમાં હવે હિન્દુ વિદ્યાર્થીઓને દિવાળીની રજા મળશે. આ સાથે, તે તેના ધાર્મિક તહેવારો પર એક શૈક્ષણિક સત્રમાં વધુ બે રજાઓ પણ લઈ શકશે. અમેરિકન રાજ્યના ભારતીય અમેરિકન ધારાસભ્યે આ જાહેરાત કરી છે. તેણે કહ્યું કે મારા દ્વારા લાવવામાં આવેલ બિલને પહેલા ઓહાયો સ્ટેટ હાઉસ અને સેનેટ દ્વારા પાસ કરવામાં આવ્યું હતું. હવે ઓહિયોના ગવર્નર માઈક ડીવાઈને તેને પાસ કર્યું છે.રાજ્યના સેનેટર નીરજ એન્ટનીએ કહ્યું કે નવા બિલને કારણે ઓહાયોમાં દરેક હિંદુ વિદ્યાર્થી ૨૦૨૫માં અને ત્યાર બાદ દિવાળી પર શાળામાંથી બે દિવસની રજા લઈ શકશે. ઓહાયોમાં હિન્દુઓ માટે આ અકલ્પનીય જીત છે. અમેરિકાના ઈતિહાસમાં ઓહિયો પ્રથમ રાજ્ય છે જ્યાં દરેક વિદ્યાર્થીઓને દિવાળીની રજા મળશે.તેમણે કહ્યું કે અમારા કાયદા હેઠળ વિદ્યાર્થીઓને વધુ ૨ ધાર્મિક રજાઓ લેવાની મંજૂરી આપવામાં આવશે. મતલબ કે ગુજરાતી હિંદુ વિદ્યાર્થી નવરાત્રી કે અન્નકૂટ માટે એક દિવસની રજા લઈ શકે છે.

### અશ્રુભીની આંખો સાથે, જમ્મુની ધડકન સિમરનને અંતિમ વિદાય

। જમ્મુ, તા.૨૮ ।

જમ્મુના હૃદયના ધબકારા તરીકે ઓળખાતા જમ્મુના પ્રીતનગરના રહેવાસી આરજે સિમરનનો શાસ્ત્રીનગરના સ્મશાન ગૃહમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો હતો. ગુરુગ્રામમાં બુધવારે તેનું શંકાસ્પદ સંજોગોમાં મોત થયું હતું. મૃત્યુની માહિતી મળતા જ પરિવાર ગુરુગ્રામ જવા રવાના થયો હતો. ગુરુવારે પોલીસ તપાસ બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો. મોડી રાત્રે પરિવારજનો મૃતદેહ લઈને જમ્મુ પહોંચ્યા હતા.આ સમય દરમિયાન, સ્મશાનમાં હાજર સિમરનના પરિવારના સભ્યો, સંબંધીઓ, મિત્રો અને પરિચિતોની આંખો ભીની હતી.

### ચીનના હેકર્સે અમેરિકા પર મોટો સાયબર હુમલો કર્યો

### જે બેઇજિંગમાં અધિકારીઓને અજાણ્યા અમેરિકનોના ખાનગી સંદેશાઓ અને ફોન પર વાતચીતની માહિતી આપી રહી છે, આ ઘટનાએ અમેરિકામાં હલચલ મચાવી દીધી

# ચીનના સાયબર હુમલાથી હચમચી ગયેલું અમેરિકા ૯મી ટેલિકોમ કંપની જાસૂસીનો શિકાર બન્યું યુએસ

। વોશિંગ્ટન, તા.૨૮ ।

ચીનના હેકર્સે અમેરિકા પર મોટો સાયબર હુમલો કર્યો છે. વ્હાઈટ હાઉસના એક ટોચના અધિકારીએ જણાવ્યું છે કે ચીનના હેકર્સે જાસૂસી અભિયાનના ભાગરૂપે નવમી અમેરિકન ટેલિકોમ્યુનિકેશન કંપનીને હેક કરી છે, જે બેઈજિંગમાં અધિકારીઓને અજાણ્યા અમેરિકનોના ખાનગી સંદેશાઓ અને ફોન પર વાતચીતની માહિતી આપી રહી છે. આ ઘટનાએ અમેરિકામાં હલચલ મચાવી દીધી છે. ચીનની જાસૂસીના આ કૃત્યથી અમેરિકાની સુરક્ષા એજન્સીઓમાં ખળભળાટ મચી ગયો છે.બિડેન વહીવટીતંત્રના અધિકારીઓએ આ મહિને જણાવ્યું હતું કે ઓછામાં ઓછી આઠ ટેલિકોમ્યુનિકેશન કંપનીઓ અને ડઝનેક દેશો 'સોલ્ટ



ટાયફૂન' તરીકે ઓળખાતા ચાઈનીઝ હેકિંગ હુમલાથી પ્રભાવિત થયા છે. દરમિયાન, નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર એની ન્યુબર્ગરે શુક્રવારે પત્રકારોને જણાવ્યું હતું કે ચીની હુમલાનો ભોગ બનેલી નવમી ટેલિકોમ્યુનિકેશન કંપનીની ઓળખ થઈ ગઈ છે. અધિકારીઓએ કહ્યું છે કે હેકર્સ ટેલિકોમ કંપનીઓના નેટવર્કમાં ઘૂસી ગયા હતા, ગ્રાહકોના કોલ રેકોર્ડ્સ મેળવ્યા હતા અને મર્યાદિત સંખ્યામાં વ્યક્તિઓના ખાનગી સંદેશાવ્યવહારને એક્સેસ કર્યા હતા.જોકે એફબીઆઈએ જાહેરમાં કોઈ પીડિતોની ઓળખ કરી નથી, અધિકારીઓ માને છે કે અમેરિકી સરકારના વરિષ્ઠ અધિકારીઓ અને અગ્રણી રાજકીય વ્યક્તિઓ એવા લોકોમાં સામેલ છે જેમના સંદેશાવ્યવહારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ન્યુબર્ગરે શુક્રવારે જણાવ્યું હતું કે અધિકારીઓને હજુ સુધી ટાયફૂન સોલ્ટથી કેટલા અમેરિકનો પ્રભાવિત થયા છે તેની સચોટ માહિતી મળી નથી.

### અયોધ્યામાં | અયોધ્યાની હોટેલોમાં બુકિંગ પહેલેથી જ ભરાઈ ગયું છે

# નવા વર્ષ પર રામલલાના દર્શન કરવા માટે ભક્તોમાં ભારે ઉત્સાહ

। અયોધ્યા, તા.૨૮ ।

નવા વર્ષના આગમનની સાથે જ ભગવાન શ્રી રામલલાના જન્મસ્થળ અયોધ્યામાં આવનારા શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ માટે લગભગ તમામ હોટલો બુક થઈ ગઈ છે. દરમિયાન, રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે રામ મંદિરમાં દર્શન માટે સમય મર્યાદા લંબાવી છે અને ભીડનું સંચાલન કરવા માટે વિસ્તૃત વ્યવસ્થા કરી છે. આ વર્ષે ૨૨ જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મંદિરમાં રામ લલ્લાનો



અભિષેક કરવામાં આવ્યો હતો. અયોધ્યા જિલ્લા મુખ્યાલયની લગભગ તમામ હોટલના રૂમ બુક થઈ ગયા છે. અયોધ્યાની સ્થાનિક હોટલના માલિક અંકિત મિશ્રાએ કહ્યું કે અમે આ નવા વર્ષમાં શ્રદ્ધાળુઓનું સ્વાગત કરવા આતુર છીએ. અમારા બધા રૂમ ૧૫મી જાન્યુઆરી સુધી બુક થઈ ગયા છે.જ્યારે શનિવારે સવારે તપાસ કરવામાં આવી ત્યારે, ઓનલાઈન બુકિંગ પ્લેટફોર્મએ બતાવ્યું કે કેટલીક હોટલ અને લોજમાં હજુ પણ રૂમ ઉપલબ્ધ છે. જોકે, કેટલાક હોટલ માલિકોએ રૂમનું બુકિંગ વધુ હોવાથી ભાડામાં વધારો કર્યો છે. હોટલ માલિકો પ્રતિ રાત્રિ દીઠ રૂ. ૧૦,૦૦૦ થી વધુ ચાર્જ વસૂલ કરી રહ્યા છે.વર્ષ ૨૦૨૪ ની શરૂઆતમાં આયોજિત પ્રાણ પ્રતિષ્ઠા સમારોહથી અયોધ્યામાં ધાર્મિક પર્યટનમાં વધારો થયો છે, જ્યારે ચૈત્ર (માર્ચ-એપ્રિલ) માં હિન્દુ નવા વર્ષનું પરંપરાગત મહત્વ છે. સ્થાનિક પૂજારી રમાકાંત તિવારીએ જણાવ્યું હતું કે નવા વર્ષના પ્રથમ દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ધાર્મિક સ્થળોની મુલાકાત લે છે અને પ્રાર્થના કરે છે. જેથી વર્ષની શરૂઆતમાં ભગવાનના આશીર્વાદ મેળવી શકીએ.ભીડને નિયંત્રિત કરવા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, અયોધ્યાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક (એસએસપી) રાજકરણ નય્યરે કહ્યું કે રામ મંદિર, હનુમાનગઢી, લતા ચોક, ગુપ્તર ઘાટ, સૂરજકુંડ અને અન્ય લોકપ્રિય સ્થળો પર કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવશે.











# રાજકોટમાં આજીડેમ ચોકડી નજીક કન્ટેનરની અડફેટે વિદ્યાર્થિનીનું મોત

। રાજકોટ,તા.૨૮ ।

રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવતા હોય છે. ત્યારે રાજકોટના આજીડેમ ચોકડી નજીક અકસ્માત સર્જાયો છે. માર્કેટ યાર્ડ સર્વિસ રોડ ઉપર કન્ટેનરે વિદ્યાર્થીનીને અડફેટે લીધી હતી. માર્કેટ યાર્ડ નજીક આવેલી સ્કૂલથી વિદ્યાર્થિની ઘરે પર આવતી હતી, તે સમયે આ દુર્ઘટના બની હતી. અકસ્માત થતા જ સ્થાનિકો દ્વારા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. વિદ્યાર્થિનીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે.બીજી તરફ રાજકોટના કાલાવડ રોડ પર સ્કૂલ બસે અકસ્માત સર્જ્યો છે. કણકોટ પાટીયા નજીક ઈનોવેટીવ સ્કૂલની બસને અકસ્માત નડ્યો છે. ડ્રાઈવરે સ્ટેરીંગ પરથી કાબૂ ગુમાવતા બસ થાંભલા સાથે અથડાઈ જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ બાળકો અને એક મહિલાને સામાન્ય ઈજા પહોંચી હતી.






















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya